પરિપત્ર ક્રમાંક:૩૧૦/
૧૯૯૦

ક્રમાંક:મશબ/જી/જનરલ/૩૫૦૪
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર ૧૦ બી. સચિવાલય પાસે
ગાંધીનગર તા. ૫-૧૨-૯૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય(તમામ)

વિષય:- બિન સરકારી માધ્યમિક શાળાઓના મકાન/સ્થળ ફેરવવા બાબતે મંજૂરીની તારીખ નક્કી કરવા.

સંદર્ભ:૧: બોર્ડની તા.૧-૩-૧૯૮૮ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૨૩/૮૮ અન્વયે.

:૨: બોર્ડની તા.૧૫-૧૦-૯૦ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૭૯૯/૯૦.

જયભારત સહ ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે સંચાલક મંડળ પોતાની માલીકીના નવા બંધાયેલ મકાનમાં મકાન/સ્થળ ફેરફાર કરે તેવા કિસ્સાઓમાં શાળા ખરેખર જે તારીખે નવા મકાનમાં ફેરવવામાં આવી હોય ત્યારથી મંજૂરી આપવી તેમ સંદર્ભ (૧) થી કારોબારી સમિતિએ ઠરાવેલ હતું જેની જાણ અત્રેની કચેરીના પરિપત્ર નંબર. ૨૨૬/૮૮ થી કરવામાં આવેલ હતી.

ઉપરોકત પરિપત્ર અન્વયે બોર્ડની સંદર્ભ (૨)ની કારોબારી સમિતિએ ઠરાવ ક્રમાંક: ૭૯૯/૯૦ થી નીચે મુજબ ઠરાવેલ છે.

" બિન સરકારી માધ્યમિક શાળાના મકાન/સ્થળ ફેરફાર બાબતે (૧) શાળાનું મકાન મંડળની માલીકીના બાંધેલ મકાનમાં મકાન/સ્થળ ફેરફાર કરે. (૨) ભાડાના મકાનમાંથી બીજા ભાડાના મકાનમાં મકાન/સ્થળ ફેરફાર કરે તેવા કિસ્સાઓમાં કારોબારી સમિતિ નિર્ણય કરે તે તારીખથી મકાન/સ્થળ ફેરફારની મંજુરી આપવી તેમ ઠરાવવામાં આવ્યું"

સમિતિના ઉપરોકત ઠરાવ અન્વયે હવે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક ૨૨૬/૮૮ રદ કરવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી છે તેમજ આ અંગેની જાણ આપના તાબા હેઠળની શાળાઓને કરવા વિનંતી છે.

સહી:-
સચિવ,
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.